# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | વિશ્વા ચૌધરી |
| કોર્સનું નામ - | એમ.એ. |
| વર્ષ - | **2023-24** |
| શીર્ષક - | માર્કણ્ડેય પુરાણમાં |
| માર્ગદર્શકનું નામ - | ડૉ.જય ઓઝા |


તુલનાત્મક સાહિત્ય એ સાહિત્યનું એક અભ્યાસ ક્ષેત્ર છે, જે બે કે તેથી વધુ સાહિત્યિક પરંપરાઓ. ગ્રંથો, અથવા લેખકોનું વિશ્લેષણ અને સરખામણી કરે છે. તુલનાત્મક સાહિત્ય એ સાહિત્યના અભ્યાસનો એક આકર્ષક અને વિશાળ ક્ષેત્ર છે, જે વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિઓના સાહિત્યની સમજ ખોલવામાં મદદ કરે.

ભાગવત પુરાણ અને હરિવંશ પુરાણનાં મુખ્ય પાત્ર શ્રીકૃષ્ણ બંને ગ્રંથોમાં તુલના

બંને ગ્રંથો ભક્તિમય ગ્રંથો છે જે ભગવાન વિષ્ણુનાં જીવન અને લીલાઓનું વર્ણન કરે છે. બંને ગ્રંથોમાં ભગવાન કૃષ્ણના જીવનની મુખ્ય ઘટનાઓનો સમાવેશ થાય છે, જેમ કે તેમનો જન્મ, બાળપણ, લીલાઓ, અને મૃત્યુ. બંને ગ્રંથોમાં ઘણા સમાન પાત્રો જોવા મળે છે. જેમ કે ભગવાન કૃષ્ણ, રાધા, ગોપીઓ, કંસ, અને યશોદા. બાલકૃષ્ણલીલાની મુખ્ય સમાનતાઓ જોઈએ તો તેમાં કાલિયા નાગનાં દમનમાં, વર્ષા અને શરદઋતુનાં વર્ણનમાં, ઇન્દ્ર નિવારણમાં ગોવર્ધન ધારણ પ્રસંગમાં, અરિષ્ટાસુરનાં ઉદ્ધારમાં, કુવલયાપીડનાં ઉદ્ધારમાં, કંસનાં ઉદ્ધારમાં ઘણી સમાનતા જોવાં મળે છે.

ભાગવતનો ઉદ્દેશ્ય ભક્તિ અને આધ્યાત્મિકતા દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવાનો છે જ્યારે હરિવંશનો ઉદ્દેશ્ય ભગવાન કૃષ્ણના જીવન અને લીલાઓનું વર્ણન કરીને સાત્વિક આંનંદ આપવાનો છે.